સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ઠારની લહેરથી દેશ ઠંડોગાર થઈ ગયો!
થયો હિમાલય ચોમેર, હાહાકાર થઈ ગયો!
કારાગાર થઈ ગયાં, નિરાંતના નિવાસ સ્થાનો -
ગરમી-ગૂમ, પ્રસ્વેદનો ભાગાકાર થઈ ગયો...

હાઈકુ

હાથના કર્યાં
થથરાવે છે હૈયાં -
પશ્ચિમી ક્ષોભ...

સિમેન્ટ રણે,
વૃક્ષ ન કોઈ ખૂણે -
સૌ ટાઢે ધ્રૂણે !!

ચિંતન

કિં તેન કિલ કાવ્યેન મૃધમાનસ્ય યસ્ય તાઃ ।
ઉદ્ધેરિવ નાયાન્તિ રસામૃતપરમ્પરાઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવાં આવેલ છે.

સમુદ્રનું મંથન કરવામાં આવતાં જેમ તેમાંથી એક પછી એક રત્નો નીકળ્યાં, તેમ વિચાર મંથન કરવાથી જ કાવ્યમાંથી અમૃત સમાન રસની પરંપરા નીકળે નહીં તે કાવ્ય શા કામનું ?

કાવ્ય-વિચાર-ચિંતન સાહિત્યમાં ઉત્તમ વિચારોનાં બીજ અને મનોમંથન માટેનો મસાલો હોવો જરૂરી છે. 'સાહિત્ય' સમાટ માટે, આધ્યાત્મિક ક્ષેત્ર માટે અને નીતિ - ધર્મ પ્રેરણા રૂપ હોવું જોઈએ. વ્યર્થ લેખન નો કોઈ જ અર્થ નથી. સાર્થક લેખન એ જ સાચું 'સર્જન' છે.

સુવિચાર

- તમારી સંપત્તિ તમારા માટે કસોટીરૂપ છે, ઈશ્વર સન્મુખ શુદ્ધ હૃદય કામ લાગશે, સંપત્તિ નહીં - **કુરાન**
- વિપત્તિ મધુર દૂધ આપે છે, એ દૂધને ફિલસૂફી કહે છે - **શેક્સપિયર**
- વૃદ્ધાવસ્થા એટલે મૃત્યુથી ઘેરાયેલો ટાપુ - **સંત હેન્રી**
- ભૂલોમાં પણ હું મારા મિત્રની પડખે રહેવા ચાલુ છું, હા પણ હું મારા મિત્રનો મિત્ર છું, એની ભૂલોનો મિત્ર નથી - **ઈમર્સન**
- બહારના દેખાવ પરથી ફૂલની કે પતંગિયાની કિંમત ભલે કરો, પણ મનુષ્યની ન કરતા - **ટાગોર**
- 'હું કરીશ' એમ નહિ, પણ 'ઈન્શાલ્લાહ'- 'અલ્લાહની મરજી હશે તો કરીશ' એમ કહો - **કુરાન**
- આજનું ઔષધ : અરીઠાનું ફીણ બે ટીપા નાકમાં નાખવાથી આધાશીશીથી થતો માથાનો દુઃખાવામાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

બેન્જામિન ફ્રેંકલીનનું બાળપણ ગરીબીમાં વીત્યું હતું, એમના પિતા સાબુ, મીણબત્તી વગેરે બનાવી ને વેચવાનો નાનકડો ધંધો કરતા.

એકવાર તેમને નાણાભીડ પડી એટલે તેઓ તેમના મિત્ર પાસે વીસ ડોલર ઊછીના લેવા ગયા. થોડા વખત પછી જ્યારે તેઓ મિત્રને વીસ ડોલર પરત આપવા ગયા ત્યારે તેમના મિત્રે રકમ પાછી લેવાની ના પાડતા કહ્યું, 'મેં તમને મુશ્કેલીના સમયે વીસ ડોલરની મદદ કરી હતી એ જ રીતે તે પણ કોઈ જરૂરિયાત વાળાને મદદરુપ થજો અને એ વ્યક્તિ જ્યારે એ રકમ પાછી આપવા આવે ત્યારે ન લેતાં, પણ મારી જેમ જ તમે તેને કહેજો આ રીતે મારી આ રકમ જરૂરતમંદોને મળતી રહેશે એન એ વ્યક્તિ સમય જતાં એ રકમની બીજાને સંકટસમયે સહાયરૂપ થશે.'

બેન્જામીનના પિતાને મિત્રની વાતનો મર્મ સમજાયો અને સમાજના જરૂરિયામત વાળાને મદદ કરવાનો સંકલ્પ કર્યો.

સીબીઆઈ માટે સીબીઆઈ કોર્ટે જ નીચોજોણું થાય એવો ચુકાદો આપ્યો છે

તંત્રીસ્થાનેથી...

બહુ ગાજેલા સોહરાબુદ્દીન - તુલસીરામ એન્કાઉન્ટર કેસના તમામ બાવીસ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ લોકતંત્ર અને ન્યાયતંત્ર સામે અનેક પ્રશ્નાર્થો ઊભા કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ ચર્ચાસ્પદ અને કેટલેક અંશે અતિશય ક્રૂર કહી શકાય એવી ઘટના બની હતી. સોહરાબુદ્દીનના નકલી એનકાઉન્ટરનો ખુદ ગુજરાતની તત્કાલીન સરકારે સ્વીકાર કર્યો હતો એટલું જ નહીં પણ એની સાથે જ એની પત્ની કૌસરબીને પણ ખતમ કરી નાખી હોવાનું બહાર આવ્યું હતું. તત્કાલીન એન્ટી ટેરરીસ્ટ સ્કવૉડના વડા આઈપીએસ અધઈકારી ડી.જી. વણજારાના ગામ ઈલોલ સુધી તપાસ લંબાઈ હતી અને બાળી મૂકેલા તથા કથિત ટેરરિસ્ટ મહિલાના અવશેષો મેળવવાના પ્રયાસો કરાયા હતા. વણઝારા સહિત અનેક સિનિયર - જુનિયર પોલીસ કર્મચારીઓને લાંબો વખત જેલની હવા ખાવી પડી હતી. તત્કાલીન ગૃહ રાજયમંત્રી અને વર્તમાન ભાજપ અધ્યક્ષ અમિત શાહની પણ ધરપકડ કરાઈ હતી તથા એમને અમુક સમયગાળા માટે ગુજરાત બહાર તડીપાર કરાયા હતા. જયારે પોતાના શિર પર જ દોષનો ટોપલો ઢોળી દેવાયો વરતાયો ત્યારે ડી.જી. વણઝારાએ એક ખુલાસાબંધ પત્ર લખી સરકાર અને ન્યાયતંત્ર સહિત તમામને ચમરબંધીઓ સકંજામાં આવી જશે એવી દહેશત સરજાઈ હતી. એક સંકેત તો તદ્દન બોલકો હતો. જે કંઈ બનતું એમાં ત્રણ 'દાઢીઓ' સામેલ હતી. સફેદ દાઢી કાળી દાઢીને આદેશ આપતી અને કાળી દાઢી લાલ દાઢીને ઓર્ડર કરતી ત્યારે જ આવી ઘટનાઓને અંજામ અપાતો, એવું નિવેદન બહુ સૂચક હતું. અદાલતો પણ સમજે તો બધું જ, પણ પુરાવા વગર એમના હાથ હેઠા પડી જાય. રૂપાળી નવયૌવના ઈશરત જહાંનો કે સોહરાબુદ્દીન કેસ હોય કે જે આતંકવાદી નહોતા બલકે કયારેક અમદાવાદ સંસદીય વિસ્તારમાંથી ચૂંટાયેલા સંસદ સભ્ય હતા. એના અહેસાન જાફરી ની જઘન્ય હત્યાનો ગુલમર્ગ કાંડ હોય - આ બધાને રફેદફે કરવામાં સરકાર અને પોલીસતંત્રનો એક યા બીજી રીતે હસ્તક્ષેપ રહ્યો છે. જો એમ ન હોત અને ખરેખર તટસ્થ તપાસ થઈ હોત તો ગુનેગારો સાવ જ નિર્દોષ છૂટી જાય એ વાતમાં માલ નથી. જે કેસોમાં ખુદ નેતાઓ કે પોલીસ જ સંડોવાયેલી હોય, ને તેની તપાસ પણ પાછી પોલીસના જ હસ્તક હોય ત્યારે નજરે જોનારા સાક્ષીઓને પણ ધાકધમકી અને લાલચ આપી ફેરવી નાખવાનું અઘરું નથી. આખરે સાક્ષી આપનારને પણ શાંતિથી જીવવું હોય છે. પાણીમાં રહીને મગર સાથે વેર બાંધવામાં મજા નથી, એટલી ચીમકી જ એને પોતાનું સાચું નિવેદન ફેરવી તોળવા માટે પૂરતી થઈ રહે. અદાલતો એના ચુકાદામાં પોલીસની તરફેણ કરતું વિધાન કર્યું છે : સાક્ષીઓના નિવેદનોમાં પલટી જવાના મામલે અદાલતે જણાવ્યું છે કે જો કોઈ નિવેદન ન આપે તો તેમાં પોલીસની કોઈ ભૂલ ન કહેવાય. અદાલત સુપેરે જાણે છે કે ત્રણે વ્યક્તિઓનો જીવ લેવાયો હતો અને એમને ન્યાયતંત્ર પાસે બચાવની તક નહોતી અપાઈ. પરંતુ પુરાવાઓના અભાવ અદાલતને નાછૂટકે તમામ આરોપીઓને 'બા-ઈજ્જત બરી' કરવા પડ્યા છે! સીબીઆઈ અને અદાલત સામે પ્રજા હવે કઈ નજરે જોશે એ પ્રશ્ન જ રહે છે !

લસણની બે કળી ભૂખ્યા પેટે ચાવીને ખાવાથી ફાયદો થાય છે

શિયાળામાં રોગો ઓછા, લોકો આનંદમાં રહે અને આનંદથી જીવે, ઉપરનું વાક્ય અચાનક લખાયું છે પણ થોડો વિચાર કરતા એમ લાગે કે બરાબર લખાયું છે. બધી જ રીતે મનુષ્ય સબળ હોય. ધંધો સારો હોય, પૈસા સારા હોય, જીવનસાથી સારી મળી હોય, છોકરાઓ સારા હોય, સારુ કમાયા હોય બધી જ રીતે સારું છે પણ જો તબિયત ના લીધે સારું જમી ન શખાય, અથવા તો જે ઈચ્છા હોય તે જમી ના શકે તેને શું કહેવાય ? આપણે તરત જ કહી દઈશું કે એને દુઃખી કહેવાય. એટલે આખી વાતમાં થોડું ઊંડાણપૂર્વક જોઈએ કે જીવન એટલે સારું જમવાનું સામે એટલે કે ઈચ્છા થાય તે જમવાનું, બાકીનું બધું આવી ગયું. એટલે કે તે જો તમારી ઈચ્છા પ્રમાણે જમીન શકતા હોય તો દુનિયામાં સુખીમાં સુખી માણસ હોવ એવું કહેવાય ?? આ ચર્ચાનો મુદ્દો છે. એમાં સજ્જન માણસો ફક્ત ચર્ચાઓ જ કરે છે એટલે કે જ્ઞાની માણસો હંમેશા ચર્ચા કરે, જેની પાસે જ્ઞાન ઓછું હોય એવા લોકો જલ્સાથી ખાય. શિયાળામાં જેટલું સારું જમવાનું છે એટલા પ્રમાણમાં રોગો પણ છે. શરદી, ઉધરસ, એટલે કે વાઈરસ ઈન્ફેકશન નીમેનીયા, માથું દુઃખે, શરીર ટુટે, પેટમાં દુઃખે, નીમેનીયા હોય, વાઈરલ ઈન્ફેકશન ન હોય સ્વાઈન ફલુ હોય કે મતલબ કે શિયાળાની કોઈ પણ આડઅસર હોય એના માટે એક જ અકક્ષીર દવા છે . જે દરેકના ઘરમાં હોય જ, મફત જેવી જ એક દવા તમે વિચારી શકો છો ? કઈ દવા હોય ?? જયારે આપણે નામ દઈશું ત્યારે તમને બધાને લાગશે ના હોય... આને દવા કહેવાય ? અને ખરેખર આનાથી ફાયદા થાય છે ?? બહુ થયું ભાઈ હવે નામ લખો અને જણાવો. તો એ દવાનું નામ છે....લસણ.

લસણનું નામ પડતા જ બધા જ એકી અવાજે બોલી ઊઠશે. લસણને તો કંઈ દવા કહેવાય ? ના ભાઈ સાચી વાત છે. દવા ના કહેવાય કારણ કે ડૉકટર કઈ કાગળ પર લખી આપે. આપણે શોધતા શોધતા અમુક જ મેડિકલમાં મળતી દવા હોય અને સારા પ્રમાણમાં પૈસા મુકીએ તો જ આપણને દવા લાગે. બાકી આપણને સંતોષ ન થાય.

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

કારણ કે ડૉકટર કંઈક કમાવા જોવો, મેડિકલ સ્ટોરવાળો કમાવો જોવે, લેબોરેટરીવાળો પણ કમાવો જોવે તો જ આપણને દવા સદે અને ૧પણે સાજા થઈએ બાકી લસણને આપણે દવા ગણવા તૈયાર નથી. લસણનું ફાર્માસ્યુટિકલ એનાલીસીસ કરીએ તો એમાં સાઈન્ટીફીક નામ આપણને ખુબ જ આનંદ આપે એવા હોય છે. અને ઘણી બધી એલોપથીક દવાઓમાં લસણ વપરાય છે. લસણ ખાસ કરીને જંતુના ચેપ માટે જે બેકટેરીયા હોય કે વાઈરસ હોય તેના માટે ખુબ જ ઉપયોગી છે. ચામડીના રોગ માટે પણ લસણ ઉપયોગી છે. યાદશક્તિ વધારવા માટે પણ લસણ ઉપયોગી છે અને ઉપર કહ્યા પ્રમાણે શરદી, ઉધરસ, પેટમાં દુખવું, માથામાં દુખવું, નીમોનિયા વગેરેમાં તો અકસીર છે. જ પણ સેક્સ્યુઅલ ઉત્તેજના માટે પણ લસણ ખુબ જ જાણીતું છે. લસણ કેવી રીતે લેવું જોઈએ ??

લસણની બે કળી ભૂખ્યા પેટે પાણી સાથે અથવા તો પાણી વગર ચાવીને ખાવાથી ખૂબ જ મોટો ફાયદો થાય છે. અને સેકસના ઉત્તેજન માટે બે કળી લસણ અને એમાં એક ચમચી મધ ચાવીને જો લેવામાં આવે તો ખૂબ જ ફાયદો થાય છે.

સૌથી અગત્યની વાત તો રહી જ ગઈ ભાઈ... જે લોકોને હૃદય રોગની બીમારી ખરેખર હોય અથવા જે લોકોને બીક હોય અથવા તો જેમના કોલેસ્ટ્રોલ ખૂબ જ ખરાબ આવતા હોય અને બધાય જે લસણ વાપરે તો ૧૦૦ % ફાયદો થાય જ. આ બધાની અંદર હૃદય રોગ વાળા લસણનો ઉપયોગ કરશે તો હૃદયના ડૉકટરો જોડે નહીં જવું પડે.

આવો સમજીએ : જિંદગી અને જીવન વચ્ચેના તફાવતને

જીવન એક કલા છે. એ એક સત્ય છે. અને બીજું સત્ય એ પણ છે કે આ કલા મોટાભાગના લોકોને આવડતી હોતી નથી. અને એટલે જ લોકોને ''આર્ટ ઓફ લિવિંગ''ની શિબિરો કરવાની જરૂર પડે છે. મને એ નથી સમજાતું કે આજે લાખો કરોડો લોકો રૂપિયા ખર્ચીને આર્ટ ઓફ લિવિંગની શિબિરો, સેમિનારો, ટ્રેનિંગ કરવા જાય છે અને જીવન જીવતા શીખે છે. શા માટે ? જીવન આપણું અને એને જીવતા શીખવે બીજા કોઈ ? એ કેવી રીતે બની શકે ? પણ આજે આવું યે બને છે. કેમ કે આપણે આપણા જીવનમાંથી ''જીવનતત્ત્વ'' જ ગુમાવી દીધું છે. આજે આપણે જે જીવન જીવીએ છીએ તે 'જીવન' નથી. પણ માત્ર ''જિંદગી'' છે. આપણે માત્ર પશુ પક્ષીઓની જેમ જિંદગી જીવીએ છીએ. જેમ રોજ સવારે પશુ પક્ષીઓ પોતાના ને પરિવાર માટે ખોરાકની કે શિકારની શોધમાં નીકળી પડે છે તેમ આપણે પણ સભ્ય રીતે ખોરાક અને શિકારની શોધમાં નીકળી પડીએ છીએ. આ જિંદગી'' તો છે પણ એમાં ''જીવન'' નથી. એમાં કોઈ રંગ નથી, રસ નથી, નવીનતા નથી. આનંદ, ઉત્સાહ કે નવી ઊર્જા નથી.

આપણે એવું માનતા હોઈએ છીએ કે ઈશ્વરે આપણને જિંદગી આપી છે તો એ પ્રમાણે જીવવું પડે છે. પણ મિત્રો, ઈશ્વરે આપણને માત્ર 'જિંદગી'' આપી છે. એને જીવન તો આપણે જ બનાવવવું પડે છે. ઈશ્વર તો માત્ર એક બીજ રોપે છે. એમાંથી વૃક્ષ તો જાતે જ બને છે. પણ એ વૃક્ષ બનતા પહેલા એને કેટલાયે તડકા, વરસાદ, આંધી – તૂફાન ઝીલવા પડે છે. આ બધા સંઘર્ષમાંથી પસાર થઈને જ એ મજબૂત – ફળ આપતું ઘટાદાર વૃક્ષ બની શકે છે. દુનિયાનું એકેય વૃક્ષ એવું નથી કે જેણે ધોમધખતા તડકાનો, આંધી તૂફાનનો, વરસાદીપૂરનો સામનો ના કર્યો હોય.

આપણું જીવન પણ આવું જ છે. જન્મ વખતે તો આપણે માત્ર એક જીવ હોઈએ છીએ. એમાં જીવન તો આપણા સંઘર્ષથી ઊમેરાય છે. અને જો આ સંઘર્ષમાંથી હેમખેમ પાર ઉતર્યા તો આપણને આવડી જાય છે જીવન જીવવાની કલા. અન્યથા કરવી પડે છે આર્ટ ઓફ લિવિંગની શિબિરો.

આજે આ હાઈટેક યુગમાં જીવન જીવવા માટેના અનેક માધ્યમો, રસ અને રસ્તાઓ છે. જ્યાથી આપણો જીવ સુખ અનુભવે છે. આ સુખ મેળવવા માટે શાંતિને ગુમાવવી પડે છે. આ બધા બાહ્ય માધ્યમોને આપણે ભૌતિકતાનું નામ આપીને જીવનના એક ભાગરૂપે સ્વીકાર્યા છે. જેને કારણે ભૌતિક સુખ-સંપતિ અને સમૃદ્ધિની પાછળ દોડતો જીવ પોતાનામાંથી જ જીવન ગુમાવી દે છે. અને માત્ર જીવે છે જિંદગી. એક જીવની માફક.

આજે મોટાભાગના માણસોનું જીવન રૂટિન બની ગયું છે. આપણે સૌ વર્ષોથી એક જ રૂટિનમાં જીવીએ છીએ. કશું જ નવું કરવાની હામ કે હિંમત રહી નથી. સૌ કોઈ જિંદગીને સેઈફ – ફિક્સ ડિપોઝિટમાં મૂકીને જીવી રહ્યા છીએ. સવારે ઊઠીને ચા પાણી, અખબાર, પછી ઓફિસ કે દુકાન, સાંજે કે રાત્રે ઘેર, થોડીવાર ટી.વી. અને પછી બેડરૂમ ... સવારે ફરી પાછું એ જ ચક્ર. આવી રીતે જિંદગી જીવતા લોકોના જીવનમાં કાં આર્થિક સમૃદ્ધિ, કાં પરિસ્થિતિ સામે સંઘર્ષ કાં હતાશા કાં નિરાશા કે લાપરવાહી સિવાય કશું જ હોતું નથી. વર્ષોના વર્ષો આવી રીતે જિંદગી જીવતા આપણે દિવાળીના દિવસોમાં ક્યારેક પાંચ સાત દિવસ બહાર ફરીને આનંદ મેળવીને ફરી પાછા એ જ ચક્ર ફસાઈ જઈએ છીએ. આવી જિંદગીનો કોઈ નાનો કે મોટો ધ્યેય હોતો નથી. કાં આર્થિક સમૃદ્ધિ વધારવાનો કાં આર્થિક જરૂરિયાતને પૂરી કરવાનો હોય છે. આજે લાખો કરોડો લોકો એવા છે કે જેઓ આર્થિક રીતે સમૃદ્ધ હોવા છતાંય પોતાને મનગમતું કામ કરી શકતા નથી. તો વળી મોટાભાગનાને ના છૂટકે ઘર પરિવાર ચલાવવા નહી ગમતી નોકરી કે ધંધો કરવો પડે છે. અને જિંદગીને એક રગશિયા ગાડાંની જેમ આગળ વધારતા રહે છે.

આપણા દેશના લોકોની એક માનસિકતા એ પણ છે કે જે છે તે ચલાવ્યે રાખવું, બચાવીને જીવવું, કોઈ નવું સાહસ કે જોખમ ના કરવું – આવા સ્વભાવને કારણે મધ્યમવર્ગનો માણસ અતિ મધ્યમ અને ગરીબ માણસ વધુ ગરીબ થતો જાય છે. આ રૂટિનમાંથી મૂક્ત થવા માટે કંઈક નવું કામ કરવું પડે, જિંદગીમાં થોડું જોખમ પણ ખેડવું પડે. મોતા સપના જોવા પડે, જીવનનું મોટું ધ્યેય નક્કી કરવું પડે. એ પૂર્ણ કરવા ખુબ પરિશ્રમ અને પ્રવૃત્તિ કરવા પડે. પરંતુ પરિસ્થિતિથી દબાયેલા આપણે આવું કંઈ કરી શકતા નથી. ખરેખર જોઈએ તો લાઈફમાં ''રૂટિન'' એ કેન્સર જેટલું ખતરનાક છે. લાઈફ રૂટિન થવાથી અનેક પ્રકારના શારીરિક અને માનસિક રોગ થઈ જાય છે જેની આપણને ખૂદને જ ખબર હોતી નથી. સ્વભાવ ચિડીયો થઈ જાય છે, શંકાશીલ, સ્વાર્થી, ટૂંકીદષ્ટિ, ડરપોક, અશક્ત, સ્વકેન્દ્રી... આવા ઘના પ્રકારના દૂર્ગુણો અનાયાસે જ આપણામાં પ્રવેશી જાય છે. ઈશ્વરે દરેક વ્યક્તિમાં અમાપ શક્તિઓ મૂકી છે. પણ આપણે એનો પૂરતો ઉપયોગ કરતા નથી. આપણું જીવન શ્રેષ્ઠ બનાવવા માટે આપણે આપણી શક્તિઓનો મેક્સિમમ ઉપયોગ કરી શકતા હોતા નથી. દા.ત. આપણામાં એક હજાર કિલોમીટર સુધી ચાલવાની ક્ષમતા છે પરંતુ આપણે માત્ર પચાસ કિલોમીટર ચાલીને જ ખુશ છીએ કેમ કે બીજા લોકો તો માત્ર દસ કિલોમીટર જ ચાલ્યા છે. તેથી આપણે અંતિમ સુધી પ્રયત્નો કરતા જ નથી. અને પચાસ કિલોમીટરે આપણા જીવનને સ્થગિત કરી દઈએ છીએ. આપણી બાકીની ૯૫૦ હૉર્સપાવર ઊર્જા આપણી અંદર જ પડી રહે છે. અથવા કહો કે એ આપણી અતિ સંઘર્ષમય પરિસ્થિતિને કારણે નકારાત્મકતામાં ફેરવાઈને એ ઊર્જા ક્રોધ, જીદ્દ, જડતા અને શંકારૂપે વ્યક્તિને જ બરબાદ કરે છે. પરંતુ જો આ ઊર્જાને સમજીને રૂટિનથી બીજા કોઈ નવા કાર્યમાં લગાવીએ તો આપણે લાઈફમાં બીજું ઘણું બધું પામી શકીએ છીએ. પરંતુ વર્ષોથી આપણી આસપાસ આપણી માનસિકતાને અજગર બનીને વિંટળાયેલ પરિસ્થિતિ કે રૂટિન આપણી ક્રિએટિવ ચેતના હરી લે છે. આપણને ડરપોક બનાવી દે છે. આપણે લાઈફને એકદમ સેઈફ રીતે જીવતા શીખી જઈએ છીએ.

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, આપણે એ વિચારવું જોઈએ કે આપણે અત્યારે જે કામ કરીએ છીએ. તે કામ કે નોકરી કે બિઝનેશ આપણા સંતાનો કરી શકશે ખરા ? જો અંદરથી જવાબ આવે કે ''ના'' તો આપણે આવનારા ભવિષ્ય માટે કોઈ નવું કામ શોધવું જ પડે. કેમ કે આજે દર બે ચાર વર્ષે બધુ જ બદલાઈ જાય છે. પરિવર્તનનો સમય ઓછો થતો જાય છે. આજે જે છે તે આવતા બે ચાર વર્ષ પછી નહીં હોય. તેથી નવા બિઝનેશ કે નવા આવિષ્કારો કે નવા પરિવર્તનો સ્વીકારવા જ પડશે. પ્રત્યેક દેશના પ્રત્યેક સમાજમાં આવતા યુગવર્તી પરિવર્તનો સ્વીકારવા જ જોઈએ. જિંદગીમાં અમુક સમયના અંતરે જોખમો પણ ખેડવા જોઈએ. જિંદગીની વન ડે મેચમાં પચાસમાંથી છેલ્લે માત્ર પાંચ સાત ઓવર બાકી હોય અને એક સો રન કરવાના બાકી હોય તો સેઈફ કે ધીમે ધીમે ના રમાય. જોખમ ઉઠાવીને ચોક્કા છક્કા મારવા જ પડે. ડરીને, હારીને મેચ હારી જવી એના કરતા બહાદૂરીથી ચોક્કા છક્કા મારતા મારતા મેચ હારવી વધુ સારી કારણ કે એમાં મેચ જીતવાના પૂરેપુરા ચાન્સ હોય છે. અને મેચ જીતી પણ જવાય છે. ઘણી વખત વધુ પડતી સમજદારી પણ હારનું કારણ બને છે. તેથી ક્યારેક સમજીને કામ કરવાવાળા નિષ્ફળ જાય છે અને કામ કરીને સમજવાવાળા સફળ બને છે. કારણ કે એમની સમક્ષ માત્ર કામ જ હોય છે લક્ષ્ય જ હોય છે. આપણે મોટેભાગે ક્ષમતાના અભાવમાં બાઝી નથી હારતા પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતાના અભાવમાં બાઝી હારી જઈએ છીએ. ક્ષમતા તો દરેકમાં ભરપુર છે જ પણ નિર્ણય લઈ શકતા નથી. કેટલાક લોકો સાચો નિર્ણય લેવાની વિચારણા કર્યા રાખે છે અને કેટલાક નિર્ણય લઈને એને સાચો ઠેરવે છે. કંઈક જીવનમાં નવું કરવું હોય, રૂટિનમાંથી મૂક્ત થવું હોય, જિંદગીની મેચ જીતવી હોય તો થોડું જોખમ ખેડવું જરુરી હોય છે. નિર્ણય લેવો જરૂરી હોય છે. અને ઈશ્વર પણ હંમેશાં સાહસ કરનારનો જ સાથ આપે છે.

9426060601.india@gmail.com

માસ્ક, મ્યુઝીક, લાઈટીંગ, મેકઅપ : સ્ટોરી ઓફ 'હોરર' બ્રધર્સ...!

૧૯૭૦ -૮૦નો એ દાયકો હતો જ્યારે હિન્દી સિનેમામાં એક બાજુ વન એન્ડ ઓન્લી અમિતાભ બચ્ચનની એન્ટ્રી થઈ ચુકી હતી અને એકબાજુ પ્રયોગાત્મક અથવા તો સમાંતર સિનેમા પણ જોર પકડી રહ્યું હતું. એક બાજુ એક્શનનું આગમન પુરજોશમાં થઈ ચુક્યું હતું અને બીજી બાજુ ડાર્ક અને મીનીગફૂલ સિનેમા પણ પોતાના દસ્તક દઈ ચુક્યું હતું એવામાં એક નિર્માતા એવો પણ હતો જેને આ એક્શન અને રીયાલીસ્ટીક ફિલ્મોથી અલગ જ પોતાની રાહ પકડવાનું નક્કી કરી લીધેલું, ઈનફેક્ટ એ એકલો નહોતો પણ એની સાથે એના સાત સાત ભાઈઓ પણ મદદમાં હતા. અને એની ફિલ્મોની જોનર પણ હતી આ બધાથી અલગ..! જી હા, ના તો એક્શન અને ના તો રીયલ...એણે બનાવી ભારતની પ્રથમ કહી શકાય એવી ફુલ્લી ફ્લેજ્ડ હોરર મુવી...! જો કે ફિલ્મ સમીક્ષકો અને ઈવન ફિલ્મવર્તુળોએ એના પર કાઈ ખાસ ધ્યાન પણ આપવાનું મુનાસીબ માન્યું નહિ બીકોઝ હોરર જોનરની ફિલ્મો તે કાઈ ચાલતી હશે ઈન્ડીયામાં ? અને એ પણ બચ્ચન અને નસીર-શબાના જેવા મંજાયેલા કલાકારોની ફિલ્મોની સામે...? નોટ પોસીબલ...!

કટ ટુ મહાબળેશ્વર...વર્ષ ૧૯૭૧..!!! બે ફ્લોપ ફિલ્મોના નિર્માતા પિતા અને ઈલેક્ટ્રોનિકની દુકાન ચલાવતા સાતે ભાઈઓએ નક્કી કર્યું ફિલ્મી ગ્લેમરમાં નસીબ અજમાવવાનું અને એના માટે હોરર જેવી સામે પાણીએ તરવા જેવી જોનર પસંદ કરી ફિલ્મ બનાવવા..! કદાચ ત્યારે એમને કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પણ ખબર નહોતી કે આ ફિલ્મ હિન્દી ફિલ્મો માટે એક માઈલ સ્ટોન બની જશે..! મહાબળેશ્વરના સરકારી ગેસ્ટહાઉસમાં ભાડે લીધેલા કેમેરા સાથે માત્ર ૧૫ લોકોના યુનીટે ધામા નાખ્યા. ઈવન કલાકારોને પણ ફિલ્મમાં પહેરવાના કપડા પોતાના જ લાવવા જણાવાયેલું. ૪૦ દિવસની મહેનત અને માત્ર ૩.૫ લાખના ખર્ચે એ ફિલ્મ બની એ પણ એવા સમયે કે જ્યારે એક એવરેજ હિન્દી ફિલ્મ ઓછામાં ઓછા ૫૦ લાખના ખર્ચે બનતી હતી. ૩.૫ લાખમાં બનેલી એ ફિલ્મે રીલીઝ થતા જ ધૂમ મચાવી દીધી અને એ સમયે અધધધ કહી શકાય એવો ૪૫ લાખનો વકરો કરીને ફિલ્મી માંધાતાઓની આંખો પહોળી કરી દીધી એટલું જ નહિ પણ હિન્દી ફિલ્મોમાં એક નવું જોનર 'હોરર' શરુ કરવાનો પણ શ્રેય એ સાતે ભાઈઓને ફાળે ગયો, એટલું જ નહિ પણ એ પછીથી રોમાન્સ અને એક્શનથી પણ હટીને હીટ ફિલ્મો બની શકે છે એનું ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ભાન થયું...! એ ફિલ્મ હતી સુપરહીટ હોરર ફિલ્મ 'દો ગજ જમીન કે નીચે' અને એ ફિલ્મના હમણાં જ અવસાન પામેલા અને ચૂંટણીઓના ચક્વ્યુહમાં સમાચારોમાં પુરતું સ્થાન ના પામેલા દિગદર્શક હતા તુલસી રામસે અને એમના ભાઈ શ્યામ રામસે..!

નો ડાઉટ રામસે બ્રધર્સનું કદાચ યશ ચોપરા કે મનમોહન દેસાઈ જેવા લોકો જેટલું યોગદાન નહિ હોય પણ એક વાત ચોક્કસ છે કે હિન્દી નિર્માતાઓને હોરરની રાહ દેખાડનાર આ રામસે ભાઈઓ જ કહેવાય. ઈનફેક્ટ જે સ્થાન રોમાંસ માટે યશ ચોપરાનું છે એ જ સ્થાન હોરર માટે રામસે બ્રધર્સનું છે જ એમાં કોઈ શંકાને સ્થાન નથી જ. જો કે દો ગજ જમીન કે નીચે ની પહેલા રામસે બ્રધર્સના ફાધર એફ.યુ રામસે કે જે પોતે ફિલ્મ નિર્માતા હતા તેમણે બે ફ્લોપ ફિલ્મો બનાવેલી જ પણ રામસેનો ઈતિહાસ અને રામસે સ્ટાઈલ ફિલ્મોની શરૂઆત કરવાઓ જશ તો 'દો ગજ જમીન કે નીચે' ને જ જાય છે. એફ.યુ.રામસેના આ સાત બેટાઓએ હિન્દી સિનેમામાં એક નવો હોરર દોર શરુ કરેલો. અત્યારે નેટફ્લીક્સ કે હોટસ્ટાર પર રુવાડા ઉભી કરી દેતી ઈંગ્લીશ હોરર ફિલ્મો જોનાર વર્ગને રામસે બ્રધર્સ એટલે શું અને એનો કેવો જમાનો હતો એના વિષે કદાચ ખ્યાલ નહિ જ હોય એ હકીકત છે અને કદાચ અત્યારે ચેનલ પર એમની ' બંધ દરવાઝા '...' પુરાની હવેલી '...કે ' વીરાના' જેવી ફિલ્મો જોતી વખતે હસવું પણ આવી જતું હશે પણ એ યાદ રહે કે એ જમાનો વીએફએક્સનો નહોતો અને ઉપરથી રામસે લો બજેટ ફિલ્મો બનાવવા જાણીતા હતા અને ખાસ તો માત્ર લાઈટીંગ અને માસ્કનો ઉપયોગ કરીને હોરર સર્જવાના નિષ્ણાત હતા એવામાં રામસેએ બનાવેલી હોરર ફિલ્મો ભલે ને સી ગ્રેડની ગણાતી હોય તો પણ એ જમાનાની દ્રષ્ટીએ માઈલસ્ટોન જ હતી.

૧૯૭૦-૮૦ની રામસે બ્રધર્સની ફિલ્મોની વાર્તા લગભગ એક જેવી જ રહેતી...ખાલી હવેલી... કબરમાંથી ઉઠતા ભૂત - ડાકણો... ખૂન...બદલો.. સેક્સી હિરોઈન... પ્રેમમાં ધોખો... કતલ... અને હા આ બધામાં થોડું સેક્સ...થોડી ફાઈટીંગ...થોડી મારામારી અને થોડી સિડકટીવ ક્ષણો... અને એ બધાથી ઉપર ખોફનાક ચહેરાવાળા વિલનો કે ભૂતો કે બદમાશો કે ચુડેલો...જે દર્શકોને ડરાવવા માટે કાફી રહેતા! 'પુરાના મંદિર' માં સામરી નામે વિલન બનતો અને 'સામરી' માં દરિંદો કે રાક્ષસ બનનાર ૬ ફૂટ + ઉંચો કલાકાર યાદ છે ને કે જેની પરદા પર એન્ટ્રી થતા જ બીક લાગી જાય. એનું અસલ નામ હતું અનિરુધ્ધ અગરવાલ. પુરાના મંદિર પછી અનિરુધ્ધ બહુ જાણીતો ચહેરો બની ગયેલો. બાકી તો રામસે બ્રધર્સની ફિલ્મો જ બી ગ્રેડ ની ગણાતી એટલે સ્વાભાવિક છે કે કોઈ એ ગ્રેડના કલાકાર તો એમાં હોવાના જ નહિ અને આમેય લો બજેટ ને લીધે ખુદ રામસે બ્રધર્સ જ એવા કલાકારોને સાઈન કરતા કે જે સસ્તામાં મળે કેમકે આખરે તો રામસે નામ જ કાફી રહેતું ફિલ્મ માટે એટલે અરુણા ઈરાની, દીપક પરાશર, અર્ચના પુરણસિંહ,હેમંત બીર્જે જેવા અનેક કલાકારો સાઈન થયેલા પણ હા બપ્પી લાહિરી જેવાનું સંગીત અમુક ફિલ્મોમાં હતું એમ તો કિશોર અને લત્તાએ ગીતો પણ ગયેલા છે. ખેર આ બધા કરતા આમેય રામસેની ફિલ્મમાં મેકઅપ... માસ્ક...મ્યુઝીક અને લાઈટીંગનું જ કામ રહેતું... હીરો ને હિરોઈન તો કોઈ પણ ચાલી જાય અને આ વાત એમણે એક નહિ પણ અનેક સફળ અને હીટ ફિલ્મો બનાવીને સાબિત પણ કરી દેખાડેલી...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

અને ફિલ્મીકીડાઓ માથું ખંજોળતા કે આ ફિલ્મો હીટ કેમ જાય છે ? જો કે એ પણ સત્ય છે કે રામસેની મોટાભાગની ફિલ્મો ઈંગ્લીશ ફિલ્મો કે વાર્તાઓની ભારતીય આવૃત્તિ જેવી જ રહેતી. એમના પર આરોપ હતો કે ઈંગ્લીશ ફિલ્મોની વાર્તા ચોરીને હિન્દીમાં બનાવે છે પણ જવાબ એ પણ આપવામાં આવેલો કે ઈંગ્લીશ ફિલ્મો ઈન્ડીયામાં જોવે છે કેટલા અને ક્યારે ? આ એ વખતની વાત છે જ્યારે હોલીવુડ રીલીઝ ભારતમાં નામ પુરતી જ રહેતી. આમ છતાં પણ રામસે બ્રધર્સની મોટાભાગની ફિલ્મો હીટ ગણી શકાય એટલી ચાલેલી અને નાના સેન્ટરોમાં ખુબ ચાલેલી એ હકીકત છે. રામસેની ફિલ્મના ચાહકોનો એક આખો વર્ગ હતો કે જે આતુરતાથી રામસે બ્રધર્સની ફિલ્મની રાહ જોતો. ઈનફેક્ટ વિતરકો પણ રામસેની ફિલ્મને ચપોચપ ઉપાડી લેતા કેમકે એમાં એમને સારો એવો નફો પણ મળતો. હમણાં જ અવસાન પામેલા તુલસી રામસેએ આનું રાઝ એક મુલાકાતમાં ખોલેલું કે 'દર્શકો ફૂલ ડીશ જમવા આવે છે એટલે બધું આપવું પડે, થોડો રોમાન્સ, થોડું સંગીત, અને સેક્સી દ્રશ્યો પણ..તમે દર્શકોને સતત ડાર્ક કે ડરાવી શકો નહિ'. ખેર હોરર ફિલ્મોના વળતા પાણી થયા પછીથી રામસે બ્રધર્સે ૧૯૯૩મા ઝી ટીવી પર ભારતની પ્રથમ હોરર સીરીયલ 'ધ ઝી હોરર શો' શરુ કર્યો અને સતત આઠ વર્ષો સુધી સફળતાથી ચલાવ્યો પણ ખરો..! આમ ભારતની પ્રથમ હોરર સીરીયલ પણ એ જ લાવ્યા. ખેર હવે તો વીએફએક્સના જમાનામાં હોરર ફિલ્મો પણ હોરર ઓછી અને ડીજીટલ વધુ લાગે છે એવામાં વીએફએક્સ વગરના જમાનામાં માત્ર માસ્ક, મેકઅપ અને લાઈટીંગથી દર્શકોને એક દશકા સુધી ડરાવનાર તરીકે રામસે બ્રધર્સ સદા યાદ રહેશે...!

વિસામો :

'દો ગજ જમીન કે નીચે '' થીયેટરમાં એકલા જોઈ બતાવે એને ૧૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવેલી!'